ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૩૦/૨૦૨૬ તા. ૦૯/૦૭/૨૦૨૬

**વિષય:- નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ Suo Moto Writ petition(Civil) 5 of 2025 અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સૂચિત મુદ્દાઓના અનુપાલન કર્યા અંગેનો અહેવાલ મોકલવા બાબત**

**સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણકમિશનશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક: ઉશિક/પીઆરો/૨૬/૭૩૪, તા. ૦૮/૦૭//૨૦૨૬**

## પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ Suo Moto Writ petition (Civil) 5 of 2025 અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન મુજબ મુખ્ય અનુપાલનનાં મુદ્દાઓ જણાવવામાં આવેલ હતા. જેના અનુસંધાને અનુપાલન કર્યા અંગેનો અહેવાલ મોકલી આપવા જણાવવામા આવે છે.

ઉપરોક્ત દર્શાવેલ વિગત ઉપરાંત નોડલ ઓફિસરના નિમણુકનો પત્ર, રખડતા કુતરાઓની દેખરેખ માટે સુનિશ્ચિત કરાયેલા કર્મચારીઓની વિગતો, કેમ્પસમાં રખડતા કુતરાઓને પ્રવેશતા અટકાવવા માટે લેવામાં આવેલા પગલાઓ અને આ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાય તે અંગેના કાર્યક્રમનો અહેવાલ આપેલ ગુગલ લીંક https://forms.gle/KoU2xGbawpAWpe918 માં તમામ સંસ્થા/કોલેજો દ્વારા માહિતી ભરી એક જ PDF ફાઈલમાં દિન-૨માં ફરજિયાતપણે અપલોડ કરવાનો રહેશે. અન્યથા નામદાર સુપ્રિમ કોર્ટનાં અવમાનનાનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની તમામ જવાબદારી જે-તે સંસ્થા/કોલેજની રહેશે.

**ખાસ નોંધ :- 1) ) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રના ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.**

**નોડલ ઓફિસર**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

બિડાણ:-
- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,
૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.
૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.
3) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

**નકલ સાદર રવાના:-**
૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

સરકારી પોલીટેક્નીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.


સ્મૃતિપત્ર/તાતકાલિક

ક્રમાંક:ઉશિક/પીઆરઓ/૨૬/૩૩૪

તા.૦૮/૦૭/૨૦૨૬

પ્રતિ,

1. આચાર્યશ્રી,
   તમામ સરકારી/અનુદાનિત કોલેજો, ગુજરાત રાજ્ય.
2. રજીસ્ટ્રારશ્રી,
   તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય,

વિષય: **Compliance of Hon'ble Supreme Court's Directions in Suo Moto Writ petition(Civil) 5 of 2025 ('City Hounded by strays, Kids pay price)**

સંદર્ભ: (૧) શિ.વિ., ગાંધીનગર નો પત્ર ક્રમાંક: ED/MSM/e-file/3/2025/6399/V-2 તા.૧૯/૦૬/૨૦૨૬
(૨) ગુ. પ્રાણી કલ્યાણ બોર્ડના તા. ૧૬/૦૬/૨૦૨૬ નો પત્ર ક્ર.: જા.નં.ગુ.પ્રા.ક.બો./પ્રશા/E-sarkar:૧૧૮(૯૮)/૩૦૧૫-૩૦૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ Suo Moto Writ petition(Civil) 5 of 2025 અન્વયે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ તા. ૦૭-૧૧-૨૦૨૫ નો આદેશ તેમજ ૧૯/૦૫/૨૦૨૬ ના ચુકાદા અન્વયે સંદર્ભદર્શિત પત્ર (૨) અને (૩) દ્વારા મુખ્ય અનુપાલનના મુદાઓ જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને નીચે દર્શાવ્યા મુજબના મુદ્દાઓને ખાસ ધ્યાને લઈ તાત્કાલીક આનુસાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

૧. સુપ્રીમ કોર્ટના તા. ૦૭-૧૧-૨૦૨૫ ના આદેશના પેરા. ૨૫(B) અંતર્ગત તમામ સંસ્થાઓનાં વહીવટી વડાઓએ સંલગ્ન ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટની દેખરેખ હેઠળ સ્થાનિક સત્તાધિકારીઓ/મ્યુનિસિપાલ્ટી અધિકારીઓની મદદથી રખડતા કુતરાઓને કેમ્પસમાં પ્રવેશતા અટકાવવા માટેના પગલાં લેવાના રહેશે. આ માટે સુપ્રીમ કોર્ટનાં આદેશ માં જણાવ્યા મુજબની સમય મર્યાદામાં કામગીરી કરવાની રહેશે.

૨. સુપ્રીમ કોર્ટના તા. ૦૭-૧૧-૨૦૨૫ ના આદેશના પેરા. ૨૫(C) અંતર્ગત તમામ સંસ્થાઓએ નોડલ અધિકારી ની નિમણુક કરવાની રહેશે તેમજ તેની જાણ સ્થાનિક સત્તાધિકારીઓ/મ્યુનિસિપાલ્ટી અધિકારીઓ ને કરવાની રહેશે.

3. સુપ્રીમ કોર્ટના તા. ૦૭-૧૧-૨૦૨૫ ના આદેશના પેરા. ૨૫(D) અંતર્ગત તમામ સંસ્થાઓએ સ્થાનિક સત્તાધિકારીઓ/મ્યુનિસિપાલ્ટી અધિકારીઓ સાથે સંકલન કરી તેમના દ્વારા સંસ્થાનું નિયમિત ઇન્સ્પેકશન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. તેમજ કેમ્પસ કે તેની નજીકમાં કોઈ રખડતા કુતરા ન રહે તે નિશ્ચિત કરવાનું રહેશે.

૪. સુપ્રીમ કોર્ટના તા. ૦૭-૧૧-૨૦૨૫ ના આદેશના પેરા. ૨૫(F) અંતર્ગત તમામ સંસ્થાઓએ તેમની નજીકના હેલ્થ સેન્ટરમા Anti-rabies vaccines તથા immunoglobulin નો પર્યાપ્ત જથ્થો ફરજીયાત જાળવવામાં આવે તે અંગેની જાણ કરવાની રહેશે.

ઉપરના તમામ મુદ્દાઓનું પરિપાલન દિન-૨ માં કરી તેના આધારો આપેલ ગુગલ લીંક https://forms.gle/KoU2xGbawpAWpe918 માં એક જ pdf ફાઈલ માં અપલોડ કરવાનાં રહેશે.

સંયુક્ત નિયામક,
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર.

નોંધ: ખાનગી કોલેજોને કાર્ય વિસ્તારમાં આવતી સંબંધિત યુનિવર્સિટી મારફતે જાણ કરવાની રહેશે.